અન્ડર એજ ડ્રાઈવર્સ સામે હવે પોલીસની લાલ આંખ

## @ગાંધીનગર

● જુનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા બપોરે ૩.૦૦ કલાકે ટ્રાયસીકલ વિતરણ કરાશે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે ટાઉનહોલ, સે. ૧૭ ખાતે સિદ્ધાર્થ રાંદેરિયા દિગ્દર્શિત-અભિનિત નાટક ''ગુજ્જુભાઈ બન્યા દબંગ'' પ્રસ્તુત કરાશે.

● સેક્ટર-૨૯, જલારામ મંદિર ખાતે સવારે ૯.૩૦ કલાકે ૨૦મો પાટોત્સવ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# સેક્ટર-૮-બી અંબિકા ચોક ખાતે બાળકો માટે રમતના સાધનોનું લોકાર્પણ



ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના સેક્ટર-૮-બી ખાતે અંબિકા ચોક નજીક નાના બાળકોને રમવાના સાધનોનું આજે લોકાર્પણ કરાયું હતું. સે. ૮ના કોર્પોરેટર હસમુખ મકવાણાની ગ્રાન્ટમાંથી આ ખેલકૂદના સાધનો લગાડવામાં આવ્યા છે. જેનું મ્યુનિસિપલ કમિશ્નર જી.આર. ચૌધરીના હસ્તે લોકાર્પણ કરાયું હતું.

સે. ૮-બીમાં અંબિકા માતાજીના મંદિર પાસેના અંબિકા ચોક ખાતે નાના આજે સાંજે ૬ કલાકે મ્યુનિસિપલ કમિશનર જી.આર. ચૌધરીના હસ્તે રિબીન કાપીને ઉદ્‌ઘાટન કરાયું હતું. આ પ્રસંગે સેક્ટરવાસીઓએ



(તસવીર : દિપક જાની)

### કોર્પોરેટર હસમુખ મકવાણાની ગ્રાન્ટમાંથી આશરે રૂપિયા ૭૦ હજારની કીટ અપાઈ મ્યુનિસિપલ કમિશનર જી.આર. ચૌધરીના હસ્તે લોકાર્પણ કરાયું

બાળકોને રમવા માટેના સાધનો જેવા કે હિંચકા, લપસણી, ચકડોળ, ચકરડી, ઉંચક-નીચક વગેરે લગાડવામાં આવ્યા છે. સે. ૮ના કોર્પોરેટર હસમુખ જુગાજી મકવાણાની ગ્રાન્ટમાંથી આશરે રૂપિયા ૭૦ હજારની કિંમતની આ કીટનું કાર્યક્રમના પ્રારંભે કોર્પોરેટર તથા મ્યુ. કમિશનરનું ફૂલના બુકે દ્વારા સ્વાગત કર્યું હતું. સેક્ટરના નાના નાના ભૂલકાંઓ જેમાં મોટી સંખ્યામાં બાળકીઓનો સમાવેશ થતો હતો. જેમણે પણ પોતાના હાથે તૈયાર કરેલ ફૂલનો બુકે આપી મહેમાનોને આવકાર્યા હતા. આ પ્રસંગે અંબિકા મંદિરના નવરાત્રિ મહોત્સવના પ્રમુખ નિલેશ પટેલ, ઉપ પ્રમુખ આશિષ બ્રહ્મભટ્ટ, મંદિરના ટ્રસ્ટ પ્રમોદ પરમાર તથા અન્ય અગ્રણી સેક્ટરવાસીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રમતગમતના સાધનોનું લોકાર્પણ થવાથી સેક્ટર-૮-બીના નાના બાળકોમાં ભારે ઉત્સાહ-આનંદની લાગણી ફેલાયી છે. લોકાર્પણ કાર્યક્રમ બાદ તુરંત જ આ સાધનો સાથે રમવા માટે ભૂલકાઓએ પડાપડી કરી હતી તથા હર્ષોલ્લાસથી ચિચિયારીઓ પણ પાડી હતી.

## વાતવાતમાં

● પથિકાશ્રમ સર્કલ નજીકથી પસાર થઈ રહેલા એક વડીલ કાકાનું ગીયરલેસ સ્કૂટર ધીમી સ્પીડે નમી જવાથી આડુ પડી ગયું હતું. આ સ્કૂટરને ચાલુ હાલતમાં જ કાકાએ ઉભુ કરવાનો પ્રયત્ન કરતા એકાએક એક્સિલેટર અપાઈ જતા લગભગ ૧૫ થી ૨૦ ફૂટ સુધી દોડી ત્યાંથી પસાર થઈ રહેલ સાયકલ રીક્ષા સાથે અથડાયું હતું.

● ટાઉનહોલ ખાતે કલ્ચરલ ફોરમ દ્વારા ''ગુજ્જુભાઈ બન્યા દબંગ''નાટક ચાલી રહ્યું છે. આ નાટકમાં સુપ્રસિદ્ધ અભિનેતા સિદ્ધાર્થ રાંદેરિયા ચ-રોડ અને પૂજાના ઢોકળા જેવા લોકલ સ્થળોનો ઉપયોગ કરી રહ્યા હોવાથી પાટનગરના પ્રેક્ષકોને પોતીકાપણું અનુભવાઈ રહ્યું છે.

● ગાંધીનગર-સરખેજ હાઈવે પર અનેક ઠેકાણે અમેરિકન સ્વીટ કોર્ન મકાઈ વેચતા લારીવાળાઓ ચટાકાના શોખીનોને બટર મસાલા, ચીજ મસાલા, લીંબુ મસાલા જેવી વિવિધ ફ્લેવર્સ દ્વારા આકર્ષી રહ્યા છે. આમ તો એક બાઉલના રૂપિયા ૨૦નો પ્રારંભિક ભાવ હોય છે પરંતુ નિરમા યુનિવર્સિટીના ઝાંપા આગળ જ ઉભા રહેતા એક લારીવાળાએ આદિવાસી મજૂરો માટે માત્ર રૂ. ૧૦નો ભાવ રાખી પોતાની સદ્‌ભાવના પ્રદર્શિત કરી છે.

● સે. ૧૪માં રહેતા એક માજી કુંવરબેન ટપુભાઈ દંતાણી ૧૦૦ વર્ષની વયે અવસાન પામ્યા છે. જુના જમાનાના ખોરાક ખાધેલા આ માજીનું સો વર્ષે પણ કુદરતી રીતે અવસાન થવા પામ્યું છે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# કોલેજની યુવતીને હેરાન કરી દેનાર એકતરફી પ્રેમી સામે ફરીયાદ

### છ મહિનાથી કોલેજમાં આંટાફેરા મારી યુવતીને મરજી વિરૂદ્ધ પ્રેમ કરવાની માંગણી કરી મેસેજ કરતા રોમીયો સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીકની એક કોલેજમાં અભ્યાસ કરતી યુવતીને ઈમ્પ્રેસ કરવા છ મહિનાથી કોલેજમાં આંટાફેરા કરવા છતાં યુવતીએ તેને દાદ ન આપતા ક્યાંકથી મોબાઈલ નંબર મેળવી મેસેજ કરીને પરેશાન કરી મુકનાર એક તરફી પ્રેમમાં પાગલ યુવાન સામે પેથાપુર પોલીસમથકમાં ફરીયાદ નોંધાવા પામી છે. યુવતીની ફરીયાદ લઈને પોલીસે દસક્રોઈ વિસ્તારના યુવાન શખ્સ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર નજીક રાંધેજાની એક કોલેજમાં અભ્યાસ કરતી યુવતીના એક તરફી પ્રેમમાં પડી ગયેલા દશક્રોઈના કણભા ગામના રહેવાસી મહેશ મફત પ્રજાપતિએ યુવતીની કોલેજમાં છ મહિનાથી આંટાફેરા મારી તેણીને હેરાન કરી નાંખી હતી. તે ઉપરાંત મરજી વિરૂદ્ધ પ્રેમ કરવાની માંગણીઓ કરી મહેશ તે યુવતીના મોબાઈલ ફોન પર મેસેજ કરી યુવતીને બદઈરાદે હેરાન પરેશાન કરી નાંખી હતી. કંટાળી ગયેલી યુવતીએ આ શખ્સ સામે પેથાપુર પોલીસમથકમાં ફરીયાદ આપતા આજે પોલીસે તેની સામે ગુનો દાખલ કરીને ઝડપી પાડ્યો હતો.

## પોલીસ ભવન પાસે એડીજીપીની ગાડી અને બાઈક વચ્ચે અકસ્માત

### ઘ-માર્ગ પર પણ બે અકસ્માતો સર્જાયા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં આજે પણ માર્ગ અકસ્માતોની વણઝાર સર્જાઈ હતી. શહેરના ઘ-૪ પાસે બે વાહનો વચ્ચે સામાન્ય અકસ્માત સર્જાયો હતો તે ઉપરાંત ઘ-૫ થી ઘ-૬ વચ્ચે કડી સ્કૂલ સામે પણ બે વાહનો ટકરાયા હતા. જો કે કોઈને ગંભીર ઈજાઓ કે જાનહાનિ થવા પામી ન હતી. તો બીજી તરફ બપોરે પોલીસભવન સર્કલ પાસે એડીજીપી શર્માની સરકારી ગાડી અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જો કે સદ્‌ભાગ્યે કોઈને ઈજાઓ થવા પામી ન હતી.



**નાગરિક સંરક્ષણ** - ગાંધીનગર જિલ્લા મેજીસ્ટ્રેટ અને નિયંત્રક નાગરિક સંરક્ષણની કચેરીના સંયુક્ત ઉપક્રમે આજે નાગરિક સંરક્ષણ દળમાં જોડાવા અંગે એક કાર્યક્રમ યોજાયો હતો. 'જેમ યુદ્ધ મોરચે જવાનો તેમ ગૃહ મોરચે નાગરિકો'ના અભિગમ સાથે યોજાયેલા કાર્યક્રમમાં નાગરિક સંરક્ષણ અંગેની તાલીમ આપવામાં આવી હતી. જેમાં શાળાના બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો અને સરંક્ષણ અંગેની ફાયર બ્રિગેડના અધિકારીઓ - કર્મચારીઓ પાસેથી તાલીમ મેળવી હતી. આ પ્રસંગે શહેરના આગેવાનો ફાયર ઓફીસર, અધિકારીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. (તસવીર : દિપક જાની)

## આજે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૮

આનંદનો ગરબો શ્રી સુભાષભાઈ જોષી, ૪૯, શાન્તિવીલા બંગલો, સાર્થકમોલની પાછળ સરગાસણ ચોકડી ખાતે તા. ૯મી ડિસેમ્બરના બપોરે ત્રણ વાગે રાખવામાં આવેલ છે.

## રૂદ્રાભિષેક મંડળ દ્વારા આજે રૂદ્રાભિષેક

ગાંધીનગર, તા. ૮

કાર્તક માસની શિવરાત્રી નિમિત્તે રૂદ્રાભિષેક મંડળ, ગાંધીનગર દ્વારા આવતીકાલ તા. ૯ ડિસેમ્બરના રોજ સાંજે ૪ કલાકે રામેશ્વર મંદિર, સેક્ટર-૩ ખાતે રૂદ્રાભિષેકનું આયોજન કરવામાં આવ્યું છે. મંડળના સૌ સભ્યોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા મંડળના જનરલ સેક્રેટરી બી.ડી. શર્મા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# શ્રીમાળી બ્રાહ્મણ સમાજના ત્રિવેણી ઉત્સવની ઉજવણી કરાઈ

### ગૃહિણીઓ માટે 'ગૃહકાર્ય સાથે સર્જનાત્મક ઈત્તર પ્રવૃત્તિ' વિષય પર સામુહિક ચિંતન કરાયું

ગાંધીનગર, તા. ૮

શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમ અને વાર્ષિક સ્નેહમિલન એમ ત્રિવેણી ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન જંતુનાશક દવાઓની વિનાશક અસર સામે જાગૃતિ અને ગૃહિણીઓ માટે 'ગૃહકાર્ય સાથે સર્જનાત્મક ઈત્તર પ્રવૃત્તિ' જેવા વિષયો ઉપર તજજ્ઞોના માર્ગદર્શન હેઠળ સામુહિક ચિંતન દ્વારા સ્નેહમિલનની અનોખી રીતે ઉજવણી કરાઈ હતી. આ ઉપરાંત સમાજના તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવ્યા હતા અને વર્ષ દરમિયાન અવસાન પામેલા દિવંગત જ્ઞાતિજનોને શ્રદ્ધાસુમન પાઠવવામાં આવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અમદાવાદ મહાનગરની ચૂંટણીમાં સરખેજ વોર્ડમાં ચૂંટાયેલા સમાજના કોર્પોરેટર જયેશભાઈ ત્રિવેદી, સમાજના પ્રમુખ વિપીનભાઈ ઓઝા, પ્રશાંતભાઈ ઓઝા, આનંદભાઈ ઓઝા, રાજેન્દ્રભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા રૂચા દવે, જય ઓઝા, વિનોદભાઈ ત્રિવેદી, જયેશ દવેએ જહેમત ઉઠાવી હતી.

## આજે વિકલાંગને ટ્રાઈસકલનું વિતરણ

ગાંધીનગર, તા. ૮

સ્વ. શ્રી જી.એમ. વર્મા (નિવૃત્ત નાયબ સચિવ) આર.એન્ડ.બી.ની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તેમના ધર્મપત્ની ગં.સ્વ. નર્મદાબેન વર્મા તથા તેમના પૌત્ર ચિ. જય હસમુખ વર્મા તરફથી ૧૦ વિકલાંગ વ્યક્તિઓને ટ્રાઈસિકલ અર્પણ કરવાનું આયોજન તા. ૯મી ડિસેમ્બરના બપોરે ૩.૦૦ વાગે સંસ્થાના કાર્યાલયમાં રાખેલ છે. સમગ્ર આયોજન જુનીયર સીટીઝન કાઉન્સિલના સહયોગથી યોજાનાર છે. જુસીકા હંમેશા વિકલાંગોને મદદરૂપ બનેલ છે. નગરજનોને આ કાર્યક્રમમાં હાજર રહેવા જણાવેલ છે.

# અન્ડર એજ ડ્રાઈવર્સ સામે હવે પોલીસની લાલ આંખ

### શાળા સંચાલકો અને આચાર્ય સાથે મીટીંગ કરીને વિદ્યાર્થીઓ અને વાલીઓને સમજાવવા પોલીસ સુચના આપશે : છતાંય વિદ્યાર્થીઓ શાળામાં વાહન લઈને જશે તો દંડનીય કાર્યવાહી સઘન બનાવાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરની મોટાભાગની શાળાઓમાં અભ્યાસ કરતા અન્ડર એજ વિદ્યાર્થીઓ વાહન લઈને શાળાએ આવતા હોય છે. અકસ્માતોના બનાવોમાં ચિંતાજનક થયેલા વધારાને ધ્યાને રાખીને અન્ડર એજ ડ્રાઈવર્સ સામે હવે પોલીસ લાલ આંખ કરશે. શાળાના સંચાલકો અને આચાર્ય સાથે મીટીંગ કરીને તેમને વિદ્યાર્થીઓ તથા વાલીઓને સમજાવવા પોલીસ અધિકારીઓ સુચના આપશે અને તેમ છતાં જો વિદ્યાર્થીઓ શાળામાં લાયસન્સ ન હોવા છતાં વાહન લઈને આવશે તો કડક દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યું છે.

દેખાદેખીને કારણે અને મોટપ દેખાડવા માટે વાલીઓ પોતાના સંતાનોને શાળામાં વાહન આપીને મોકલે છે, ભલે તેમની પાસે વાહન ચલાવવા માટે ડ્રાઈવીંગ લાયસન્સ ન હોય..! આ રીતે સંતાનોને વાહન લઈને મોકલી દેવામાં આવતા શારીરિક અને માનસીક રીતે સક્ષમ ન હોવા છતાં વાહન લઈને નિકળેલા બાળકો અકસ્માત નોતરતા હોય છે. આ બાબતને ગંભીરતાથી લઈને ડીએસપી વિરેન્દ્રસિંહ યાદવે શાળા સંચાલકો તથા આચાર્ય સાથે બેઠક ગોઠવી અન્ડર એજ ડ્રાઈવીંગ મામલે કડક થવા સુચના આપવા તજવીજ શરૂ કરી છે. જે પ્રમાણે શાળામાં યુનિફોર્મ અને હોમવર્ક માટે કડકાઈ બતાવવામાં આવે છે તે જ પ્રમાણે આ બાબતને પણ ગંભીરતાથી લઈ સ્પષ્ટ શબ્દોમાં વાલીઓ સાથે બેઠક ગોઠવી વિદ્યાર્થીઓને વાહનો લઈને ન મોકલવા આદેશ શાળા સંચાલકો તરફથી આપવામાં આવે તે સંદર્ભે પોલીસ અધિકારીઓ બેઠક યોજશે. તેમ છતાં જો વિદ્યાર્થીઓ-વાલીઓ નહીં માને તો સપ્તાઈપૂર્વક દંડનીય કાર્યવાહી માટે રોજેરોજ શાળાએ બહાર ટ્રાફીક ડ્રાઈવ રાખવામાં આવશે.

## આંજણા ચૌધરી ફોરમ પરિવારનો નૂતન વર્ષનો સ્નેહમિલન કાર્યક્રમ સંપન્ન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સ્થિત આંજણા ચૌધરી ફોરમ પરિવારના નૂતન વર્ષાભિનંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૫૦ કુટુંબો હાજર રહેલ હતા. શ્રી મહેશભાઈ પટેલ (ભાચર)ના અધ્યક્ષસ્થાને સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. શ્રી મેઘજીભાઈ પટેલ (કુંભારડી) શ્રી હરેશભાઈ (જયહિંદ કોમ્પ્યુટર) તથા શ્રી જયેશભાઈ (વિશ્વાસ કરિણા) સહિતનો સહયોગથી કાર્યક્રમ સફળ થયો હતો. શ્રી ઈશ્વરભાઈ પટેલની ટીમે હાસ્યરસથી શ્રોતાઓને આનંદવિભોર કર્યા હતા. કાર્યક્રમના આયોજનમાં પરિવારના બાળકોના આનંદને ધ્યાને લઈને ''મામાનું ઘર કેટલે''ના ટીવી કલાકારો શ્રી ભરતસિંહ ઝાલા (મામા), શ્રી પ્રલય રાવલ (રમણકાકા), શ્રી નિલેશ મિસ્ત્રી (જાદુગર)નો કાર્યક્રમ યોજાયો હતો. આગામી સમયમાં સામાજિક શૈક્ષણિક કાર્યક્રમો ગોઠવવાનું આયોજન કરેલ છે. બચતમંડળ, મહેંદી, રસોઈ સ્પર્ધા તથા રમતગમતોના કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

# સર્પદંશ માટે તાત્કાલિક સારવાર એ જ એક માત્ર ઉપાય

### ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં વિષ પ્રતિરોધક દવા એન્ટી સ્નેક વેનમ ઉપલબ્ધ : સાપ માનવીથી દૂર જ રહેવાનું પસંદ કરે છે એને છંછેડવામાં ન આવે ત્યાં સુધી કરડતો નથી

ગાંધીનગર, તા. ૮


ગાંધીનગર તથા તેની આસપાસના વિસ્તારમાં ભરપુર વનરાજીના કારણે અસંખ્ય પ્રમાણમાં સરીસૃપો કુદરતી નિવાસ કરે છે. એક સમયના



વન્ય વિસ્તારમાં શહેરનું નિર્માણ થયું હોવાથી અનેકવાર સાપ અને માનવનો ટકરાવ જોવા મળે છે. જેમાં માનવીઓ સર્પદંશનો ભોગ બનતા હોય છે. સર્પદંશની જો સમયસર સારવાર આપવામાં આવે તો ભોગ બનનારની જીંદગી બચાવી શકાય છે. ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં સર્પદંશના સારવારની વિષપ્રતિરોધક દવા એન્ટી સ્નેક વેનમ ઉપલબ્ધ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એક માસમાં આશરે ૨૦ જેટલા સર્પદંશના ભોગ બનેલા નાગરિકો સારવાર માટે આવે છે. ઉનાળા કે ચોમાસામાં આ પ્રમાણ થોડુ વધારે હોય છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ફિઝીશિયન ડૉ. સેશિલ પરમારે તથા સર્જન ડૉ. જિગ્નેશભાઈ જેઠવાના જણાવ્યા અનુસાર સર્પદંશનો ઈલાજ સો ટકા શક્ય છે, જો પિડીતને યોગ્ય સમયે સારવાર મળે તો વ્યક્તિનો જીવ બચી શકે છે. સર્પદંશના ઈલાજ માટે આપવામાં આવતી વિષ પ્રતિરોધક દવા એન્ટી સ્નેક વેનમ - એએસવી સરળતાથી ઉપલબ્ધ છે. જો કે નગરજનોએ ધ્યાનમાં લેવા જેવી બાબત એ છે કે જ્યારે પણ સાપ કરડે ત્યારે પિડીતને બે પ્રકારની સારવાર આપવામાં આવે છે. એક તો સર્પદંશ જ્યાં થયો હોય ત્યાં લોકલ જગ્યાએ થતુ નુકસાન અટકાવવુ તથા ઝેરની અસર આગળ વધતી રોકવી. દર્દીએ સર્પદંશથી ગભરાયા વગર જેમ બને તેમ જલ્દી સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી જવુ. આ દરમ્યાન દર્દીએ વધુ ગભરાવું નહી કારણ કે ડરવાથી શરીરમાં બ્લડપ્રેશર વધે છે જે ઝેરને શરીરમાં ઝડપથી પ્રસરાવે છે તેથી બને તેટલા નોર્મલ રહેવું.

યુવા સર્પમિત્ર તિર્થરાજસિંહ જાડેજાના મતે સાપને ઠંડકવાળી અને સુરક્ષિત જગ્યા વધુ અનુકૂળ આવતી હોવાથી તે ઘણીવાર માનવ વસાહતમાં આવી ચઢે છે. ગંદકીની આસપાસ, લાકડાઓ નીચે તથા અન્ય ઠંડકવાળી તથા તેને ખોરાક મળી રહે તેવી જગ્યાઓ પર સાપ આવી જતા હોવાથી માનવી સાથે ટકરાવ થઈ જતો હોય છે. જો કે જ્યાં સુધી સાપને છંછેડવામાં ના આવે કે તેને ભય ન થાય ત્યાં સુધી તે કરડતો નથી અને માનવીથી તો તે દૂર જ રહેવાનુ પસંદ કરે છે. સાપ માત્ર પકડવાથી કે છંછેડવાથી ડંખ મારે છે માટે નગરજનોએ બને ત્યાં સુધી સાપને છંછેડવો કે મારવો હિતાવહ નથી તે ધ્યાનમાં રાખવુ જોઈએ. સિવિલ હોસ્પિટલના અન્ય એક તબીબના જણાવ્યા અનુસાર સર્પદંશ માટેની વિષપ્રતિરોધક દવા એએસવીમાં મુખ્ય ઘટક સાપનું ઝેર જ હોય છે. જેને તામિલનાડુના ઈલુરા જાતિના લોકો સમગ્ર ભારતમાં પુરૂ પાડે છે. આ જાતિ સાપની ખૂબ જાણકાર છે. આ દવા




બનાવવા માટે સાપના ઝેરને પહેલા ઘોડાના શરીરમાં દાખલ કરાય છે જેનાથી ધોડાના શરીરમાં ઝેરના અવરોધ માટે એન્ટીબોડી ઉત્પન્ન થાય છે. આ એન્ટી બોડી તત્વોને મેળવી તેના પર રસાયણિક પ્રક્રિયા કરી એએસવી જેવી વિષપ્રતિરોધક દવા બનાવાય છે. જે સમગ્ર ભારતમાં એક કોમન એન્ટીવેનમ તરીકે ઉપલબ્ધ છે.

સર્પદંશથી બચવા માનવીએ સૌ પ્રથમ તો સાપનું માન-સન્માન જળવાય તે રીતે વર્તવુ જરૂરી છે, આમ છતાં જો સર્પદંશના ભોગ બનાય તો સમસયસર યોગ્ય પગલા લઈ જોખમનું પ્રમાણ તથા સર્પદંશથી થતો મૃત્યદર ચોક્કસ ઘટાડી શકાય છે.

## ચિરવિદાય

- સ્વ. કંચનબેન લાભુભાઈ મહેતા, ઉ.વ.૮૦
- સ્વ. ઈલાબેન ભરતભાઈ મોદી, ઉ.વ.૬૮
- સ્વ. ચૌહાણ તલાભાઈ વેરસીભાઈ, ઉ,વ.૪૫
- સ્વ. કુંવરબેન તેપુભાઈ દંતાણી, ઉ.વ.૧૦૦
- સ્વ. ચાવડા જીવણલાલ કલાભાઈ, ઉ.વ.૭૯
- સ્વ. રમાબેન મધુકુમાર ઠક્કર, ઉ.વ.૮૨

ગાંધીનગર માટે
LED T.V., LCD T.V., Colour T.V.
રીપેરીંગ માટે ફોન કરો
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧